Gujarat Chamber of Commerce & Industry
9436
ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

# પ્રેસ નોંધ

તા. ૧૬/૦૯/૨૦૧૯

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે GCCI અને રોટરી ઇન્ટરનેશનલ ડીસ્ટ્રીકટ 3054 ના સંયુક્ત ઉપક્રમે GCCI -Rotary CSR Conclave, Connect to Create નું આયોજન તા. 15 સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી રાજેન્દ્ર પ્રસાદ ગૌતમ, ગ્રુપ જનરલ મેનેજર એસેટ, ONGC હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં અગ્રણી કોર્પોરેટ કંપનીઓ, NGO, ચેરીટેબલ ટ્રસ્ટ, GCCI તથા રોટરીના સભ્યો હાજર રહ્યા હતા.

સ્વાગત પ્રવચનમાં GCCIના Hon. Secretary શ્રી સંજીવ છાજરએ CSR નો સમાવેશ કંપની એક્ટમાં કરવા બાદલ સરકારશ્રીની પ્રસંશા કરતા કહ્યું હતું કે ચેમ્બર સાથે સંકળાયેલા વિવિધ મહાજનો દ્વારા વર્ષોથી પ્રસંશનીય સામાજિક પ્રવુતિઓ થતી રહી છે. CSRની શરૂઆત દરેક વ્યક્તિએ પોતાનાથી જ કરવી જોઈએ જેથી સમાજ અને દેશનો સર્વાંગી વિકાસ શક્ય બનશે.

રોટરીઅન શ્રીમતી બીના દેસાઈ, ડીસ્ટ્રીકટ ગવર્નરએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે રોટરી જેવા ફાઉન્ડેશન અને ચેમ્બરના પ્લેટફોર્મ થકી ઘણા સામાજીક કર્યો કરી શકાય તેમ છે. કોન્કલેવના મુખ્ય મેહમાન શ્રી રાજેન્દ્ર પ્રસાદ ગૌતમ, ગ્રુપ જનરલ મેનેજર એસેટ, ONGC એ ONGC દ્વારા CSR માટે કરવામાં આવતા વિવિધ પ્રોજેક્ટ્સ અંગે માહિતી આપી હતી.

કાર્યક્રમના કોર્પોરેટ શેસનમાં કોર્પોરેટ કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. જેમણે હાલમાં CSRના કાયદાના અમલ, તેના પડકારો તથા કેસ સ્ટડીઝ દ્વારા સફળ CSR પ્રોજેકટ્સ અંગે માહિતી આપવામાં આવી હતી તથા NGO દ્વારા એમના CSR ફંડનો યોગ્ય ફાળવણી કેવી રીતે થાય એની માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં GCCI, રોટરી, કોર્પોરેટ , PSU તથા NGOના પ્રતિનિધિઓની પેનલ ચર્ચા રાખવામાં આવી હતી. જેમાં ચેમ્બરનું દ્રષ્ટિબિંદુ જણાવતા ડો. ભૂષણ પૂનાનીએ જણાવ્યું હતું કે કોર્પોરેટ અને NGO વચ્ચે કડીરૂપ બનવાનો તથા CSRના અધિનિયમો વિષે માર્ગદર્શન આપવાનો ચેમ્બરનો પ્રયાસ છે. અરવિંદ લિમિટેડના CSRના હેડ શ્રી નીરજલાલએ પણ અરવિંદ ગ્રુપ દ્વારા ચાલી રહેલા CSR પ્રોજેકટની માહિતી આપી હતી. પેનલના સભ્યો દ્વારા NGO તથા કોર્પોરેટ દ્વારા કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની માહિતી આપવમાં આવી હતી.

કાર્યક્રમના NGO માટે વર્કશોપનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં એમને પ્રોજેક્ટ પ્રોપઝલ, પ્રેઝેન્ટેશન, ડોક્યુમેન્ટેશન વગેરે અંગેનું ખુબ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

અંતમાં શ્રી નવરોજ તારાપોર, કો-ચેરમેન , CSR કમિટી, GCCI એ આભારવિધિ સંપન્ન કરી હતી અને કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

---

સંપાદક / ચીફ રિપોર્ટર / કમર્શિયલ એડિટર / બ્યુરો ચીફ / ન્યૂઝ એડિટર

પ્રકાશનની તરફેણમાં

તન્મય મહેતા

સેક્રેટરી જનરલ